# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. BAGAYTI KHETI

રાજ્ય સરકારે ખેડૂતોને બાગાયતી ખેતીમાં અદ્યતન તાલીમ અને માર્ગદર્શન આપવા માટે ચાર નવા સેન્ટર્સ ઓફ એકસલેન્સ સ્થાપવાનો નિર્ણય લીધો છે. 40 કરોડ રૂપિયાના ખર્ચે અમરેલી, દાહોદ, બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં આ કેન્દ્રો સ્થાપવામાં આવશે. આ સાથે રાજ્યમાં બાગાયત વિભાગ દ્વારા કુલ 17 સેન્ટર ઓફ એક્સેલન્સ કાર્યરત કરાશે.

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું કે, બાગાયતી ઉત્પાદનોની માંગને પહોંચી વળવા બાગાયતી પાકોના વાવેતર અને બાગાયતમાં આધુનિક પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતો માટે કેન્દ્રો પર બાગાયતની નવી આધુનિક પદ્ધતિઓ અંગેની તાલીમ અને પ્રદર્શનો યોજવામાં આવશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ સેન્ટર ઓફ એક્સેલેન્સ કાર્યરત થતા બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતોને તેનો લાભ મળશે..

# WEATHER

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 26 ટકા વરસાદ નોંધાયો છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર,ગાંધીનગરની યાદી પ્રમાણે આજે સવારે છથી બપોરે બાર વાગ્યા સુધીમાં સૌથી વધુ ચાર ઇંચ વરસાદ નવસારી જિલ્લાનાં ગણદેવી તાલુકામાં પડ્યો છે..જ્યારે વ્યારા, ચિખલી તાલુકામાં અઢી ઇંચ અને નવસારી, મહુવા, સોનગઢ અને વાલોડ તાલુકામાં બે ઇંચ વરસાદ પડ્યો છે.

અમારા ડાંગ જિલ્લાનાં પ્રતિનિધી મુનીરા શેખ જણાવે છે કે, જિલ્લાનાં વઘઇ અને આહવા સહિત પૂર્વપટ્ટી પંથકનાં ગામડાઓમાં આજે સવારથી જ ધોધમાર વરસાદ પડ્યો હતો. સુબિર પંથકમાં ચાર કલાકમાં એક ઇંચ જેટલો

વરસાદ પડ્યો હતો. જિલ્લાનાં સાપુતારા તથા શામગહાન પંથકમાં ઝરમર વરસાદ વરસતા વાતાવરણ આહલાદક બની ગયુ છે. વરસાદી માહોલમાં ગિરિમથક સાપુતારાનું વાતાવરણ અતિ મનમોહક બની બન્યું છે. નૈસર્ગિક સૌદર્ય માણવા સાપુતારામાં પ્રવાસીઓનો ધસારો પણ વધી ગયો છે..

અમારા તાપી જિલ્લાના પ્રતિનિધી નિરવ કંસારા જણાવે છે કે, જિલ્લામાં લાંબા વિરામ બાદ ફરી વરસાદનું આગમન થયું છે. આજે વહેલી સવારથી વ્યારા નગર તેમજ વાલોડ અને ડોલવણ તાલુકામાં વરસાદ પડ્યો હતો.

ઉપરવાસમાં પડેલા વરસાદને પગલે તાપીના ઉકાઇ ડેમમાં પાણીની આવક વધી રહી છે. હાલ ડેમમાં 11 હજાર 685 ક્યુસેક પાણીની આવક અને 600 ક્યુસેક જાવક થઈ રહી છે. પાણીની વધતી આવકના પગલે હાલ ડેમની સપાટી 309.98 ફૂટ પર પહોંચી ગઇ છે.. ઉકાઇ ડેમની ભયજનક સપાટી 345 ફૂટ છે.

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જીલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. નર્મદા, સુરત, તાપી, ડાંગ, ભરૂચ, નવસારી, વલસાડ જીલ્લાઓમાં અતિભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

# RADHANPUR- ACCIDENT

પાટણ જીલ્લાના રાધનપુર હાઇવે પર ગઇ રાત્રે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એસટીના ડ્રાઇવર અને કન્ડક્ટર સહિત ચાર લોકોનાં મૃત્યુ થયા હતા અને 10ને ઇજા થઈ હતી. આણંદ-રાપર એસટી બસ અને ટ્રક વચ્ચે શબ્દલપુર પાસે અકસ્માત થયો હતો. ઇજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

# TRAIN

પશ્ચિમ રેલવે રાજકોટથી ભાવનગર વચ્ચે આવતીકાલ માટે એક સ્પેશિયલ ટ્રેન દોડાવશે. ટ્રેન નંબર 09591 રાજકોટ-ભાવનગર સ્પેશિયલ ટ્રેન રાજકોટથી આવતીકાલે સવારે સાડા ચાર વાગ્યે ઉપડશે, જે સાડા દસ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

તેવી જ રીતે, ટ્રેન નંબર 09592 ભાવનગર-રાજકોટ સ્પેશિયલ ટ્રેન ભાવનગર ટર્મિનસથી આવતીકાલે સાંજે છ વાગ્યે ઉપડશે અને જે રાત્રે ત્રણ વાગ્યે રાજકોટ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, જેતલસર, જેતપુર, કુંકાવાવ, લુંડીહાર, લાઠી, ધાસા, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનના તમામ કોચ સામાન્ય વર્ગના હશે.

તેવી જ રીતે, પાટણથી ભાવનગર વચ્ચે પણ વિશેષ ટ્રેન દોડવવામાં આવશે. ટ્રેન નંબર 09489 પાટણથી સવારે ત્રણ વાગે ઉપડશે અને 10 વાગીને 20 મિનિટે ભાવનગર પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર 09490 ભાવનગરથી રાત્રે આઠ વાગે ઉપડશે, જે બીજા દિવસે વહેલી સવારે ત્રણ વાગે પાટણ પહોંચશે.

આ ટ્રેનો માર્ગમાં બંને દિશાઓમાં મહેસાણા, વિરમગામ, સુરેન્દ્રનગર ગેટ, લિંબડી,રાણપુર, બોટાદ, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશનો પર રોકાશે. ટ્રેનનાં તમામ કોચ સામાન્ય વર્ગના હશે.

# BILIMORA- BULLET TRAIN

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે બીલીમોરા સ્ટેશનનો રેલ લેવલ સ્લેબ પૂર્ણ થયો છે. ગુજરાતના તમામ ૮ સ્ટેશનો પર પાયાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને સુપરસ્ટ્રકચરનું નિર્માણ અદ્યતન તબક્કે છે. બુલેટ ટ્રેન કોરિડોર 508

કિલોમીટરની લાઇનદોરી સાથે 12 સ્ટેશનોને આવરી લેશે. લાઇનદોરીની સાથે બુલેટ ટ્રેન સ્ટેશનો પર નિર્માણ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે.

અહીં ટિકિટિંગ અને પ્રતિક્ષા વિભાગ,બિઝનેસ ક્લાસ લાઉન્જ, નર્સરી,આરામગૃહ,માહિતી કેન્દ્ર,રિટેલ કેન્દ્ર અને જનતા માટે માહિતી અને જાહેરાત વ્યવસ્થા હશે. કેટલાક સ્ટેશનોને પરિવહનના તમામ મૂળભૂત માધ્યમો સાથે સંકલન કરીને પરિવહન કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવશે.